| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ: | 29/08/2017 |
| નોંધ્યા તારીખ: | 29/08/2017 |
| નિર્ણય તારીખ: | 02/06/2026 |
| સમયગાળો : | Y-8, M-9, D-04 |

**દ્વારકાના મહે. એડી.ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, મુ.– દ્વારકા.**

**ફોજદારી કેસ નં.૫૬૫/૨૦૧૭**
**આંક–**

**<u>ફરીયાદી</u>:–** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**<u>આરોપી</u>:– (૧)**ધીરજભાઈ પરષોતમભાઈ અસ્વાર (એબેટેડ)
ઉ.વ. ૩૦, ધંધો: મજૂરી
રહે.વરવાળા
તા.ધ્વારકા, જી.દેવભુમી ધ્વારકા.
(૨) મનીષભાઈ અજીતભાઈ વ્યાસ
ઉ.વ. ૩૫ ધંધો : ટ્રક ડ્રાઈવિંગ
રહે : વરવાળા, તા.દવારકા જી. દેવભુમિ દવારકા

**ગુનો: ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૩૨૫ , ૪૪૭ , ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫(૧) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એલ.બામણીયા
આરોપીઓ તરફે વિ.વ.શ્રી.એમ.એચ.સોલંકી

**-::ઠ રા વ::-**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ કામાક્ષી માતાના મંદીરની વંડી ટપી ગેર કાયદેસર રીતે મંદીરના પરીસરમાં પ્રવેશ કરી અગાઉ થયેલ બોલાચાલીનો ખાર રાખી બન્ને આરોપીઓએ તેઓની પાસે રહેલ લાકડીઓ વડે આ કામના ફરિયાદીને શરીરે આડેધડ ઘા મારી ડાબા પગની ધુંટીમાં ફ્રેકચરની ઈજા કરી મ્હે. ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો ઈ.પી.કો.કલમ-૩૨૩ , ૩૨૫, ૪ ૪૭ , ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદરહું ફરિયાદ દ્વારકા પો. સ્ટે. ગુ.ર. નં. ૫૮/૨૦૧૭ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ ત.ક.અમલદારે ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૪ મુજબ આ કામના આરોપીઓને અત્રેની કોર્ટ દવારા સમન્સ/પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ આ કામના આરોપીઓ હાજર થતા તેઓને સી.આર.પી.સી. કલમ-૨૦૭ મુજબ પોલીસ અહેવાલ, તેની સાથે રજુ કરેલા અન્ય દસ્તાવેજોની વિના મુલ્યે નકલો પુરી પાડવામાં આવેલી અને તે નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, સી.આર.પી.સી. કલમ- ૨૪૦ મુજબ વિગતવારનું તહોમતનામું આંક-૬ થી ફરમાવવામાં આવેલુ અને તે તહોમતનામું વાંચી સંભળાવી સમજાવતા ગુના અંગે પુછવામાં આવતા તેઓએ ઈન્કાર કરેલ જેથી તેઓની આંક-૭ અને ૮ થી નિવેદન નોં ધી લઈ સી.આર.પી.સી. કલમ-૨૪૨ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે નિયત તારીખ નકકી કરી આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) **આ કામના આરોપી નં-૨ તા. ૨૪/૧૨/૨૦૨૩ ના રોજ મરણ ગયેલાં તેમનો મરણનો દાખલો માર્ક-૬૩/૧ થી રજુ થયેલ છે. તેથી તેમને કાર્યવાહીમાંથી એબેટ કરવામાં આવેલ અને આ કામના આરોપી નં ૧ પુરતો કેસ આગળ ચલાવવામાં આવેલ.**

(૪) સદર કામે ટ્રાયલ દરમિયાન ફરીયાદ પક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાઓ રજુ થયેલ છે.

(૫) **ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિકમાં પુરાવા રજુ કરવામાં આવેલ છે.**

**::– મૌખિક પુરાવા –::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ ઇકબાલભાઈ આમદ ખલીફાની સોગંદ ઉપર જુબાની. | ૧૪ |
| ૨. | પી.એસ.ઓ. હરીશંકર નાથાલાલ ભટટની સોગંદ ઉપરની જુબાની | ૧૬ |
| ૩. | ત.ક.અ. કૌશીકભાઈ રામનારાયણની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |
| ૪. | પંચ જાલુભા વરજાંગભા ગીગલાની સોગંદ પરની જુબાની | ૪૭ |
| ૫. | સાહેખ સામીબેન વા.ઓ. કેશુરભાઈ ડાયાભાઈ કુંડાઈની સોગંદ ઉપરની જુબાની | ૪૯ |
| ૬. | સાહેદ સુલતાણીબેન દેવાભાઈ ભોજાભાઈ નાંગેશની સોગંદ ઉપરની જુબાની | ૫૦ |
| ૭. | મેડીકલ ઓફીસર સાહેદ મહમદસીદીક ઈબ્રાહીમભાઈ સમાની સોગંદ ઉપરની જુબાની | ૭૩ |

**::– દસ્તાવેજી પુરાવા –::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૧૫ |
| ૨. | આરોપી અટક પંચનામું | ૪૮ |
| ૩. | રાજેન્દ્રભાઈ માધવભાઈ યાદવનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૪ |
| ૪. | હથિયાર બંધીનું જાહેરનામું | ૭૬ |

(૬) ત્યારબાદ આ કામના ફરિયાદ પક્ષે એ.પી.પી.શ્રી દવારા સદર કામે પુરાવો પુર્ણ થતા આ કામે આરોપીનું વિશેષ નિવેદન સી આર પી સી કલમ ૩૧૩ મુજબ નોંધતા આરોપીએ તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરી તેઓ વિરુઘ્ધ બચાવમાં સાહેદો તપાસવા નથી તેમજ સોગંદ ઉપર જાતે જુબાની આપવી નથી અને વિશેષમાં જણાવેલ કે તેઓ વિરુઘ્ધ ખોટી ફરીયાદ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ. પી.પી.શ્રી એન.એલ.બામણીયા દલીલો સાંભળવામાં આવેલ છે. અને આરોપી નં ૧ તરફે વ શ્રી એમ એચ સોલંકી ની દલીલો સાંભળવામાં આવેલી છે જે દલીલોનો જે તે સ્થાને વર્ણન કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત હકીકતે નીચેના મુદ્દા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા:-**

૧. કામાક્ષી માતાના મંદીરની વંડી ટપી ગેર કાયદેસર રીતે મંદીરના પરીસરમાં પ્રવેશ કરી અગાઉ થયેલ બોલાચાલીનો ખાર રાખી બન્ને આરોપીઓએ તેઓની પાસે રહેલ લાકડીઓ વડે આ કામના ફરિયાદીને શરીરે આડેધડ ઘા મારી ડાબા પગની ઘુંટીમાં ફ્રેકચરની ઈજા કરી મ્હે. ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો ઈ.પી.કો.કલમ-૩૨૩ , ૩૨૫, ૪૪૭ , ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૯) પ્રસ્તુત કેસમાં રેકર્ડ પર રજુ થયેલા પુરાવા અને દલીલો ઘ્યાને લેતા , ઉપરોકત મુદા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી નિર્ણય મુજબ.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧**

(૧૦) આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતી મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાનો યોગ્ય અને વ્યાજબી પુરાવો રજુ કરીને શંકા થી પર એટલે કે નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની જરૂર હોતી નથી.

હાલના કેસમાં હાલનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે.

**કલમ–૩૨૩ ના ગુન્હાના આવશ્યક તત્વો:–**

૧.આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવે.

૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વૈચ્છાપૂર્વક કર્યુ. હતુ.

**કલમ–૩૨૫ ના ગુન્હાના આવશ્યક તત્વો:–**

૧. આરોપીએ ભોગ બનનારને શારીરિક વ્યથા પહોંચાડી.

૨. આ શારીરિક વ્યથા કલમ–૩૨૦ માં દર્શાવ્યાં મુજબની મહાવ્યથા હતી.

૩. આવી ઈજા આરોપીએ સ્વેચ્છાપૂર્વક પહોંચાડી.

આ કામે મુદા નં ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાની જોગવાઈઓના હાર્દને જોવા હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવાનું મુલ્યાંકન કરવા માટે કાયદામાં કોઈ માર્ગદર્શક આપવામાં આવેલ નહી દરેક કેસની હકીકતો અને સં જોગોને લક્ષમાં લઈ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે ફોજદારી ન્યાય શાસ્ત્રના પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાને લઈ આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાકન કરવામાં આવેલ છે.

આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ આરોપીઓએ ગેરકાયદેસર રીતે મંદીરના પરીસરમાં પ્રવેશ કરી, અગાઉ થયેલ બોલાચાલીનો ખાર રાખી, બન્ને આરોપીઓએ તેઓની પાસે રહેલ લાકડીઓ વડે આ કામના ફરિયાદીને શરીરે આડેધડ ઘા મારી ડાબા પગની ઘુંટીમાં ફ્રેકચરની ઈજા કરી મ્હે. ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ છે તેવી ફરીયાદની તમામ આવશ્યક બાબતો ફરીયાદ વખતે નિ:શંક પુરવાર થવી જોઈએ.

(૧૧) ફરીયાદપક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે, જેનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મૂલ્યાંકન કરી કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે.

ફરિયાદ પક્ષે બનાવવાળી જગ્યાના પંચ સાહેદ ઈકબાલ આમદ ખલીફાને સોગં

દ પર આંક–૧૪ થી તપાસેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓને પોલીસ ચોકી પાસે એક તૈયાર પંચનામામાં પોલીસે સહી કરાવેલી. પંચનામુ કઈ બાબતનું હતુ તેની તેઓને ખબર નથી. પંચનામામાની પોતાની પંચ નંબર–ર તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૫ થી રજૂ રાખેલ છે પરંતુ, આ પંચ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય હોસ્ટાઈલ જાહેર કરાઈ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પં ચનામામાં સહી કર્યા સિવાય કશુ જાણતો નથી.

સદર પંચ કે જેઓ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે, કે જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતાં નથી. તેઓને પંચનામાની વિગત બાબતે કાંઈ ખબર નથી તેઓએ માત્ર પોલીસના કહેવાથી સહી કરેલી છે. આમ, સદર પંચ પંચનામાની હકીકતને સમર્થન આપતાં ન હોય, બનાવવાળી જગ્યાનું પંચનામુ કાયદેસર રીતે પુરવાર થતુ નથી.

(૧ર) ફરિયાદ પક્ષે સદર કામના મૂળ ફરિયાદીને બેલેબલ વોરંટ કરતાં બેલેબલ વોરંટમાના શેરા મુજબ ફરિયાદ તેમના વતન મધ્ય પ્રદેશ ગયેલ હોય, મળી આવેલ ન હોય જેથી સદર કામના પી.એસ.ઓ. હરીશંકર નાથાલાલ ભટનાઓને આંક–૧૬ થી તપાસેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૧૦/૫/૧૭ ના કલાક ૧૩–૦૦ થી તેઓની નોકીર દવારકા પો.સ્ટે.મા પીએસઓ તરીકે હતી, દરમ્યાન જામનગર જી.જી.હોસ્પીટલ ના એમ.એલ.સી નં.૩૮૬ર/૧૭ તા.૯/૫/૧૭ થી કાગળો આવતા ફરીયાદી રાજેન્દ્રભાઈ માધવભાઈ રસગલ, જાતે યાદવ, ધંધો કામાક્ષી માતાજી ના પુજારી રે. વરવાળાની જાહેરાત જોતા જેમા તા.૭/૫/૧૭ ના રાત્રીના પોતે મંદિરના કમ્પાઉન્ડમા સુતા હતા અને બાર વાગ્યાના સુમારે આ કામના આરોપી ધીરુભાઈ અસ્વાર તથા મનીષભાઈ બન્ને લાકડી ધોકકા જેવા હથીયાર થી દીવાલ ટપી અંદર પ્રવેશ કરી ફરીયાદીને લાકડી તથા ધોકકા થી મુંઢમાર મારી પગમાં ફ્રેકચર કરી જે બાબતની ફરીયાદ આવતા તેઓએ દવારકા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં ૪ર/૧૭ આઈ.પી.સી. કલમ–૪૪૭, ૩ર૫

વિગેરે મુજબ તા.૧૦/૫/૧૭ કલાક ૧૪–૧૦ વાગ્યે ગુનો રેકર્ડ કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી અસલ એફ.આર.આઈ. ના. કોર્ટમા મોકલી આપવા તજવીજ કરેલ અને આ કામની આગળની તપાસ કે. આર. શીલુ ને સોંપેલ.

બચાવ પક્ષેની ઉલટતપાસ દરમિયાન તેઓએ ફરિયાદ લખવા સીવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી એ બાબતનો સ્વીકાર કરે છે.

આ કામના પી.એસ.ઓ.એ પોતાના પુરાવામાં તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનું વર્ણન કરેલ છે. તેઓએ માત્ર ફરિયાદ લખવાની કામગીરી કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષે તપાસ કરનાર અધિકારીશ્રી કૌશીક રામનારાયણ શીલુને સોગંદ પર આં ક–૧૭ થી તપાસેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૧૦/૫/૧૭ ના કલાક ૧૪–૩૦ વાગ્યે તેઓ દવારકા પો.સ્ટે. ફરજ માં હતા, દરમ્યાન પી.એસ.ઓ., એચ.એન.ભટ્ટ તરફથી તેઓને દવારકા પો. સ્ટે. ફર્સ્ટ ગુ.રુ.નં–૪૨/૧૭ આઈ.પી.સી. કલમ–૪૩૭, ૩૨૫ વિગેરે ગુનાની આગળની તપાસ થવા કાગળો સોંપતા જે કાગળો તેઓએ સંભાળી લઈ જેમા બનાવવાળી જગ્યાનું પંચનામું પંચો રુબરુ કરેલ તેમજ સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ ધીરજભાઈ પરષોતમભાઈ અસ્વાર તેમજ મનીષભાઈ વ્યાસ, રે.બન્ને વરવાળાઓને સદર ગુનાના કામે પંચો રુબરુ તા.૧૬/૫/૧૭ ના કલાક ૧૬–૦૦ વાગ્યે અટક કરી આ કામના આરોપીઓએ મારામારીમાં વાપરેલ હથિયાર જેમાં લાકડી એક જે આરોપી ધીરજ પરષોતમ અસ્વાર પાસેથી પંચો રુબરુ કબ્જે લઈ તેમજ આરોપી મનીષ અજીત વ્યાસ પાસેથી એક લાકડાનો ધોકકો પંચો રુબરુ કબ્જે કરી બન્ને આરોપીઓને ગુનાના કામે ધોરણસર અટક કરી પો.સ્ટે. આવી પીએસઓશ્રીને અટક કર્યા અંગેનુ સ્ટેશન ડાયરીમા નોંધ કરાવેલ તેમજ કબ્જે કરેલ મુદામાલની મુદામાલ પાવતી નં.૩૦/૧૭ તા.૧૬/૫/૧૭ થી ગુનાના કામે સામેલ રાખી તેમજ મારામારીમાં ઈજા પામનાર ફરીયાદી રાજેન્દ્રભાઈ યાદવ ઉ.વ ૨૨ રે. વરવાળા ઓનુ સારવાર સર્ટી મેળવી આરોપીઓ વિરુધ્ધમાં દવારકા પો.સ્ટે.મા ચાર્જશીટ નં:૫૮/૧૭ તા.૨૯/૮/૧૭ થી કરી કેસ ચલાવવા ના કોર્ટ મા મોકલવામા આવેલ.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં સદર બાબતનો સ્વીકાર કરે છે કે,તેઓએ કબ્જે કરેલ હથીયાર તીક્ષ્ણ હથીયાર નથી. ફરીયાદીએ તેઓની રુબરુ કોઈ ફરીયાદ લખાવેલ નથી. બનાવવાળી જગ્યાએ મંદીર આવેલ હોય માણસોની

અવરજવર રહે છે. મંદિરના મુખ્ય પુજારીનું નિવેદન આ કામે લીધેલ નથી. કામાક્ષી માતાજી મંદિરના ટ્રસ્ટીનું નિવેદન લીધેલ નથી.

આ કામે તપાસ કરનાર અધિકારીના પુરાવામાં પણ તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનું વર્ણન કરેલ છે. તેઓએ આ કામે કામાક્ષી માતાજીના મં દિરના ટ્રસ્ટીનું નિવેદન લીધેલ નથી. બનાવવાળી જગ્યા મંદીરએ માણસોની અવર–જવરવાળી જગ્યા છે.

(૧૪) ફરિયાદ પક્ષે આરોપીને અટક કર્યાના પંચ જાલુભા વરજાંગભા ગીગલાનાને સોગંદ પર આંક– ૪૭ થી તપાસેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઇ પંચનામુ કરેલ નથી. અસલ પંચનામામાની પંચ નં બર–ર તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે. જેને આંક–૪૮ આપવામાં આવે છે.

સદર પંચ પંચનામાની હકીકતને સમર્થન કરતાં ન હોય, હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પણ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

સદર પંચ બચાવ પક્ષની ઉલટતપાસ દરમિયાન એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી હતી, તેઓની હાજરીમાં કોઈ પંચનામું પોલીસે કરેલ નથી.

આમ, સદર પંચ કે જેઓ આરોપી અટક કર્યાના પંચ સાહેદ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ આરોપીને અટક કરેલ નથી. તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. પંચનામાં વિશે તેઓને કાંઈ ખબર નથી. આમ, આરોપી અટક પંચનામુ કાયદેસર રીતે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) ફરિયાદ પક્ષે સાહેદ સામીબેન વા.ઓ. કેશુભાઈ ડાયાભાઈ કુંડાઈનાઓને આંક–૪૯ થી તથા સાહેદ સુલતાણીબેન દેવાભાઈ ભોજાભાઈ નાંગેશનાઓને આંક–૫૦ થી સોગંદ પર તપાસેલ છે તેઓ પોતાના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ બનાવ વખતે વરવાળા ગામે આવેલ કામાક્ષી માતાજીના મંદીરમાં સફાઈ કામ કરતાં

હતાં. ફરિયાદવાળો બનાવ રાત્રીના સમયે બનેલ અને તેઓને બનાવની જાણ સવારે સફાઈ કામ માટે આવેલ ત્યારે થયેલ. આ બનાવમાં મંદીરમાં કામ કરતાં એક ઈશમને અજાણ્યા ઈશમોએ માર મારેલ હતો તેવું તેઓએ જાણેલ. પોલીસ ે તેઓની પુછપરછ કરેલ નથી.

સદર સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતાં ન હોય, હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પણ ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસ દરમિયાન એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવની કોઈ અંગત જાતમાહિતી તેઓને નથી.

સદર સાહેદો કે જેઓ કામાક્ષી માતાજીના મંદીરે સાફ સાફાઈનું કામ કરે છે. તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ રાત્રીના સમયે બનેલ અને તેઓને બનાવની જાણ બીજા દિવસે સવારે થયેલી. આમ તેઓ બનાવ નજરે જોનાર સાહેદો નથી. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓને બનાવની કોઈ અંગત માહિતી નથી. આમ, તેઓના પુરાવા પરથી બનાવમાં કેવી રીતે બનેલ. આરોપીઓ કોણ હતાં તેની તેઓને ખબર નથી. વળી, આ કામના ફરિયાદીનું નામ પણ તેઓના પુરાવા પરથી રેકર્ડ પર પ્રસ્થાપિત થતું નથી.

(૧૬) ફરિયાદ પક્ષે આંક–૭૩ થી સાહેદ મેડીકલ ઓફીસર મહમદસીદીક ઈબ્ર ાહીમભાઈ સમાનાઓને સોગંદ પર તપાસેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવમાં જણાવે છે કે, તા. ૦૮/૫/૧૭ ના રોજ કલાક ૧૧:૨૦ મીનીટે સવારે જી. જી. હોસ્પીટલ સી.એમ.ઓ. રૂમમાં ફરજ બજાવતા હતા. ત્યારે રાજેન્દ્રભાઈ માધવાભાઈ યાદવ ઉ.વ ૨૨ વર્ષ તથા દર્દી સાથે કામ કરતા પ્રધ્યુમનભાઈ વાયડા તેઓની પાસે લાવેલા. દર્દીને પુછતા હીસ્ટ્રી જણાવેલ કે બે પુખ્ત પુરુષોએ તેઓને માર મારેલ છે. એકનું નામ ધીરુભાઈ અને અન્યનું નામ ખબર નથી. આશ્રમ કામાક્ષી મંદીર પાસે તા. ૭/૫/૧૭ ના રોજ કલાક ૧૧:૪૫ રાત્રે લાકડી વડે માર મારેલ. દર્દીને તપાસતા દવારકા હોસ્પીટલ બાદ વધુ સારવાર અર્થે જામનગર આવેલા.

ઉપરોકત દર્દીને શારીરિક તપાસ કરતા તેમને નીચે મુજબની ઈજાઓ થયેલી

હતી. ઈજા નં. ૧ ડાબા હાથમાં ફોરમ સોજો હતો.
ઈજા નં ૨ ડાબા પગમાં સોજો હતો.

ઉપરોકત ઈજાઓ એમ.એલ.સી. કાર્યવાહી કરી અને વધુ સારવાર અર્થે કોમા વોર્ડમાં રીફર કરી આપેલ. જે અંદરના દર્દી તરીકે દાખલ કરેલ. અંદરના તપાસ સારવારના પેપર ઉપરથી સારવાર સર્ટી આપેલ છે જેમા તેઓના હસ્તાક્ષરમાં છે જેને આંક–૭૪ આપવામાં આવે છે તથા એકસરે રીપોર્ટ ડાબા એન્કલનું ફેકચર હતુ અને ચોથા પાંચમા અને છઠા મેટા કારપલ ના બેઝમાં ફેકચર હતું. દર્દીને દવા સારવાર ઈન્જેકશન આપી અને સારુ થતાં તા ૧૧/૫/૧૭ ના રોજ રજા આપી. ફરીવાર સારવારમાં આવેલ હોય તેવી કોઈ નોંધ તેઓની પાસે નથી. પોલીસે મેડીકલ સર્ટી કરવા તેઓને યાદી કરેલી જે અસલ તેઓની સાથે લાવેલ જેને આંક–૭૫ આપવામાં આવે છે.

બચાવપક્ષની ઉલટતપાસ દરમિયાન એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી નં ૨ નું નામ કે કોઈ વર્ણન લખાવેલ નથી. ઉપરોકત પ્રકારની ઈજાઓ અકસ્માતમાં પડી જવાથી કે લાગી જવાથી થઈ શકે તેમ હતી.

સદર સાહેદ કે જેઓએ ઈજા પામનાર ફરિયાદીને સારવાર આપેલ છે. તેઓના પુરાવા પરથી સાહેદને ઈજા થયેલાની હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થાય છે પરંતુ તેઓના પુરાવામાં આરોપીઓના નામ રેકર્ડ પર પ્રસ્થાપિત થતાં નથી. તેઓએ એક આરોપીનું નામ ધીરૂભાઇ જણાવેલ છે પરંતુ સદર આરોપીમાના કોઈ આરોપીનું નામ ધીરુભાઇ નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે ઉપરોકત પ્રકારની ઈજાઓ અકસ્માતમાં પડી જવાથી કે લાગી જવાથી થઇ શકે તેમ હતી એટલે સદર સાહેદના પુરાવા પરથી બનાવ બનેલાની હકીકત રેકર્ડ પર આવે છે પરંતુ આ બનાવ કહેવાતા આરોપીઓ દવારા જ કરવામાં આવેલ છે તેઓના નામ રેકર્ડ પર પ્રસ્થાપિત થતાં નથી.

**(૧૭) ફરિયાદ પક્ષના મૂળ ફરિયાદીને મુદત તા.૧૩/૧૨/૨૦૨૧, તા.૨૪/૦૩/૨૦૨૩, તા.૦૫/૦૫/૨૦૨૩, તા.૨૨/૦૮/૨૦૨૩, તા.૧૧/૧૨/૨૦૨૩, તા.૧ ૦/૦૭/૨૦૨૫, તા.૦૪/૦૮/૨૦૨૫ સાહેદ સમન્સ કરવામાં આવેલ, સમન્સમાના શેરા તેમજ સાથે જોડેલ નિવેદન મુજબ ફરિયાદી હાજર મળી આવેલ ન હોય, તેમજ ઘણા વર્ષો પહેલાં આશ્રમનું કામકાજ છોડી જતાં રહેલ છે અને**

**તેઓ કયા ગયેલ છે તેની ખબર નથી અને ત્યારપછી કયારેય પાછા આવેલ નથી. તેવું જણાવેલ છે.**

**બાદ ફરિયાદ પક્ષના સાહેદ નંબર–૪ નાઓને મુદત તારીખ ૧૩/૧૨/૨૦૨૧ ના રોજનો સાહેદ સમન્સ કરવામાં આવેલ, સમન્સમાના શેરા તેમજ સાથે જોડેલ નિવેદન મુજબ સદર સાહેદો હાજર મળી આવેલ ન હોય, તેમજ આશ્રમનું કામકાજ છોડી જતાં રહેલ છે અને તેઓ કયા ગયેલ છે તેની તેઓને ખબર નથી અને ત્યારપછી કયારેય પાછા આવેલ નથી. તેવું જણાવેલ છે.**

(૧૮) **આ કામે ઈ પી કો ૩૨૩ તથા ૩૨૫ માં વંચાણે લેતા આરોપી દવારા ભોગબનનારનું શારીરીક પીડા રોગ, અથવા અશકિત નીપજાવેલ હોય અને આવી ઈજા પહોચાડવાનો આરોપીનો ઈરાદો હોય અને તેને વ્યથા થાય તેવુ સંભવ હોવાનું જાણતા હોવા છતા સ્વેચ્છા પુર્વક વ્યથા અથવા મારક હથીયાર વડે ઈજા પહોચાડેલ હોય તે હકીકતો રેકર્ડ પર લાવવી જોઈએ તે સંદર્ભે હાલના કેસની હકીકતો ધ્યાનમાં લેવામાં આવે તો ઈ પી કો ૩૨૩, ૩૨૫, ૪૪૭ ના આરોપ મુકવામાં આવે છે ત્યારે આ કામે રજુ થયેલા પુરાવા પરથી હાલના ફરીયાદી એક જ ભોગબનનાર સાહેદ છે. અને નજરે જોનાર સાહેદ પણ છે. આ કામના ફરીયાદીનો પુરાવો મહત્વનો પુરાવો છે પરંતુ તેઓનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.**

(૧૯) **બાદ ચાર્જશીટમાં જણાવ્યા મુજબના સાહેદ નંબર–૧૧ મનસુખભાઈ સીદીભાઈ ટીકડીયાને સમન્સ કરતાં તેઓ મરણ ગયેલ હોય તેઓનું મરણ પ્રમાણપત્ર આંક–૫૫ થી રજૂ થયેલ છે તેથી સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.**

(૨૦) આમ, ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે મહત્વના સાક્ષી એવા ફરિયાદીનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદી કે જેઓ ઈજા પામનાર સાહેદ છે અને બનાવ નજરે જોનાર સાહેદ છે. તેઓએ આપેલ ફરિયાદ હકીકત અન્ય તપાસેલા સાહેદોના પુરાવા પરથી રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી. વળી આ કામના સાહેદ નંબર–૧૧ મનસુખભાઈ ટીકડીયા

કે જેઓ મરણ ગયેલ હોય તેઓનો પુરાવો પણ રેકર્ડ પર આવેલ નથી.

(૨૧) આ કામે તપાસેલાં સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓમાના કોઈ પણ સાહેદ નજરે જોનાર સાહેદ નથી. આ કામે તપાસેલાં સાહેદોમાના પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ સાહેદો છે તેઓના પુરાવા પરથી પંચનામું કાયદેસર રીતે પુરવાર થયેલ નથી. અન્ય બે પોલીસ સાહેદ પી.એસ.ઓ. અને તપાસ કરનાર અધિકારી કે જેઓના પુરાવા પરથી તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરી રેકર્ડ પર આવે છે. અન્ય તપાસેલાં સાહેદો કે જેઓ મંદીરની સાફ સફાઈ કરે છે તેઓના પુરાવા પરથી બનાવ કેવી રીતે બનેલ, આરોપીઓ કોણ હતાં વિગેરે જેવી હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી.

(૨૨) આ કામે આંક–૭૬ થી રજૂ થયેલ જાહેરનામુ કે જેને બચાવ પક્ષની સંમતીથી આંક આપવામાં આવેલ છે. જે સદર કામે મૂળ ફરિયાદીનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે બનાવના દિવસે ફરિયાદીને હાલના આરોપીઓ દવારા મારક હથિયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. જેથી જાહેરનામુ સ્વીકૃત હોવા છતાં તેને મૂળ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતું ન હોય તે સબબ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૩) આ કામના ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવવાળી જગ્યા મંદીર છે અને તે જાહરે જગ્યા છે અને ત્યાના મંદીરના પુજારીનું પણ કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. સદર બનાવ સદંર્ભે તેઓએ ટ્રસ્ટીનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી તેમજ આ કામે અનય સાહેદોના પુરાવામાં પણ બનાવ બનેલાની હકીકત રેકર્ડ પર આવે છે પરંતુ હાલના આરોપીઓ દવારા જ ફરિયાદીને ઈજા કરેલી હોય તેવું રેકર્ડ પર ફલીત થતુ નથી તેમજ જયારે આ કામના મેડીકલ સર્ટીફીકેટ એ સાંયોગીક પુરાવો છે જેને મૂળ ફરિયાદીની જુબાની વિના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમજ આ કામના પંચો પણ હોસ્ટાઈલ થયેલાં છે ત્યારે ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોકત પુરાવા પરથી આ કામના આરોપીઓએ કામાક્ષી માતાના મંદીરની વંડી ટપી ગેર કાયદેસર રીતે મંદીરના પરીસરમાં પ્રવેશ કરી, બન્ને આરોપીઓએ તેઓની પાસ

ે રહેલ લાકડીઓ વડે આ કામના ફરિયાદીને શરીરે આડેધડ ઘા મારી ડાબા પગની ઘું ટીમાં ફ્રેકચરની ઈજા કરી મ્હે. ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો ઈ.પી.કો.કલમ–૩૨૩ , ૩૨૫, ૪૪૭ , ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આમ, આરોપીને તકશીરવાન ઠરાવી શકાય નહી તેવા સંજોગોમાં જરૂરી અને યોગ્ય પુરાવાનો અભાવ જણાતો હોય , ફરીયાદ પક્ષ આરોપી સામે ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદ્દા.નં.૧ નો નિર્ણય નકારમાં આપી,મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી નંબર–૨ મનીષભાઈ અજીતભાઈ વ્યાસ ઉ.વ.૩૫, ધંધો: ટ્રક ડ્રાઈવિંગ, રહે. ગરબી ચોકની બાજુમાં, વરવાળા તા.દવારકા, જી. દેવભુમિ દવારકાનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીને તેઓ સામે આક્ષેપીત ગુનો: ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૩૨૫ , ૪૪૭ , ૧૧૪ તથા જી પી એકટ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાંઆવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો.કોડની ક.૪૩૭(એ) અન્વયે રુા.૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો. સદર જામીન છ માસ સુધી અમલમાં રહેશે.ત્યારબાદ રદ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૨ જી માહે જુન સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: દ્વારકા.<br>
તા: ૦૨/૦૬/૨૦૨૬

(એ. એ. શેખ)<br>
એડિશ્નલ ચીફ જયુડી.મેજિસ્ટ્રેટ,<br>
દ્વારકા(જજ કોડ નં. GJ001163)